કોર્ટ-કલેક્ટર કચેરી આસપાસ પાર્કિંગ વ્યવસ્થાના નામે મીંડુ !

પાર્કિંગ વ્યવસ્થા રામભરોસે : આડેધડ ખડકાતા વાહનો મહિલાઓ ઉપરાંત સિનિયર સિટીઝન્સને શિરદર્દ

ગાંધીનગર, તા. ૨૦

શહેરના શોપીંગ વિસ્તાર સહિતના જાહેર સ્થળો પર વાહન પાર્કિંગની સમસ્યા પેચીદી બનતી જાય છે ત્યારે 'ઘ' માર્ગ પર સ્થિત કલેક્ટર કચેરી અને કોર્ટ બિલ્ડીંગ આસપાસ પણ રોજબરોજ આડેધડ વાહનો ખડકાયેલા જોવા મળે છે. કોર્ટ સંકુલ બહાર ગેટ નં. ૨ પાસે સંચાલનના અભાવે પાર્કિંગ વ્યવસ્થાના નામે મીંડુ ચિતરાયું છે જ્યારે નવનિર્મિત કલેક્ટર કચેરીના બિલ્ડીંગ આસપાસ પણ વાહન પાર્કિંગમાં સર્જાતી અવ્યવસ્થા આમનાગરિકો માટે શિરદર્દ સમાન બની છે.

ટ્રાફિક સેન્સના અભાવે શહેરમાં વધતા માર્ગ અકસ્માતોની સાથે વાહન પાર્કિંગની સમસ્યા પણ વિકરાળ બને છે. નગરના શોપીંગ વિસ્તાર સહિતના જાહેર સ્થળોએ યોગ્ય પાર્કિંગના અભાવે ટ્રાફિકજામના દૃશ્યો સર્જાયછે. બીજીતરફ નગરની વિવિધ સરકારી કચેરીઓમાં પણ વાહનો સુવ્યવસ્થિત ન ગોઠવાતા ટ્રાફિક સિનારીયો કથળવાની સાથે આમ નાગરિકોની મુસ્કેલી વધી રહી છે. ડિસ્ટ્રીક કોર્ટ સંકુલ સંકુલ બહાર પણ આવી જ સ્થિતિ છે. કોર્ટના ગેટ નં. ૨ પાસે વાહનો મનફાવે તેમ પાર્ક કરી દેવાતા સિનિયર સિટીઝન્સ ઉપરાંત મહિલાઓએ પારાવાર હાલાકી વેઠવી પડે છે.

અગાઉ કોર્ટ સંકુલ બહાર વાહનો યોગ્ય રીતે પાર્ક થાય તે માટે સ્થાનિક પોલીસને જવાબદારી સોંવામાં આવી હતી. પરંતુ આ વ્યવસ્થા લાંબો સમય ન જળવાતા પાર્કીંગના પ્રશ્ને પુનઃ જૈસે થે ની સ્થિતિનું નિર્માણ થયું છે. જ્યારે નજીકમાં જ સ્થિત કલેક્ટર કચેરીમાં પણ રોજબરોજ મુલાકાતીઓની સંખ્યા વિશેષ રહેતી હોવાથી આ વિસ્તારમાં પાર્કિંગનો પ્રશ્ન વધુ જટીલ બન્યો છે. જેને ધ્યાને લઈ આ વિસ્તારમાં યોગ્ય વાહનપાર્કીંગ વ્યવસ્થા ગોઠવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. પરંતુ લાંબા સમયના અંતે પણ પાર્કિંગનો પ્રશ્ન રામભરોસે હોવાથી રોજબરોજ સેંકડો મુલાકાતીઓ માટે વાહન પાર્કિંગની અવ્યવસ્થા માથાના દુખાવારૂપ બની છે.

(તસવીર : દિપક જાની)

'ચ'માર્ગ પર અકસ્માતનો સિલસિલો યથાવત

ગાંધીનગર 'ચ' માર્ગ પર અકસ્માતોની વણઝાર વણથંભી છે. ગાંધીનગર 'ચ' માર્ગ પર સ્પીડ બ્રેકર મુકવાની રજૂઆત કરવા છતાં તંત્ર દ્વારા હજુ સુધી કોઈ નક્કર પગલાં લેવામાં આવ્યા નથી. 'ચ' માર્ગ પર બપોરેના ૧.૩૦ કલાકે ૭-૮ના બસ સ્ટેન્ડ પાસે બસ અને કારનો અકસ્માત સર્જાયો હતો. 'ચ' માર્ગ પર અમદાવાદ તરફથી આવતી વડોદરા માણસા બસ નં. જીજે -૧૮યુ- ૫૩૮૫ અને 'ચ' માર્ગ પરથી આવતી ઈન્ડીગો માન્ઝા કાર નં. જીજે -૧૮- એએચ- ૪૭૩૦ સેકટર-૮ બાજુ વળાંક લેતા પાછળથી આવતી બસની ટક્કર વાગતાં અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં સામાન્ય ઈજા પહોંચી હતી. સદનસીબે કોઈ જાનહાની થઈ નથી. થોડા દિવસો પૂર્વે પણ આ જગ્યાએ લકઝરી બસ અને કાર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. તંત્ર સામે સ્પીડ બ્રેકર મુકવાની રજૂઆત કરવા છતાં તંત્ર કોઈ મોટી જાનહાનિ થાય તેની રાહ જોઈને બેઠું હોય તેવું લાગે છે.

સેકટર-૩ ન્યુના વસાહતીઓની પરેશાનીઓ ક્યારે દૂર થશે

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગરના છેવાડે સેકટર-૩ એ-ન્યુ વસેલું છે. જેની પારાવાર મુશ્કેલીઓ છે. જે મુશ્કેલીઓથી વસાહતી પરેશાન થઈ રહ્યા છે.

સેકટર-૩ એ-ન્યુ ઘ-૧ નજીક પ્રવેશનાં ગટરનું ઢાંકણું ઘણા જ સમયથી તૂટી ગયેલું છે. તેવું સેકટર-૩ એ-ન્યુના રોડ પાસે પણ ગટરનાં ઢાંકણા તૂટી ગયેલા છે. સેકટર-૩માં ગટરના ઢાંકણા તૂટયા પછી નવીન નાંખવામાં આવતા નથી. પરંતુ દયા પ્રેમીઓ લાકડાના ડાખરાં, ઝાડના પાંદડા નાંખીને સલામતી માટે સગવડ કરેલ છે. પરંતુ તાત્કાલિક નિકાલ નહિ થાય તો ભવિષ્યમાં દુર્ઘટના અટકાવી શકાશે નહિ તેવા સંજોગો છે.

વિશેષમાં ઘ-૧ થી પ્રવેશતાં રસ્તામાં વૃક્ષોની ઝાડીમાં બિન કાયદેસર અખાદ્ય જેવું મટન વેચાણ થાય છે. જેના કારણે ગંદકી ફેલાય છે. પ્રદૂષણ ફેલાય છે. સેકટર-૩માં પ્રવેશ માટેના રસ્તાઓ પર નકશો, સાઈન બોર્ડ જૂનું થઈ ગયેલ છે. ઘસાઈ ગયેલું છે. જે નવીન બનવવાની જરૂર છે.

સેકટરમાં કચરો નાંખવાની અલગ અલગ જગ્યાએ અસહ્ય ગંદકી તથા ખાડાઓ પડી ગયા છે. જેથી ગંદકી સાફ કરવાની જરૂર છે.

રાઈફલ શુટીંગ અંતર્ગત રાજય કક્ષાની તાલીમ શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૨૦

ભારત અને ગુજરાત સરકાર તથા ઓલમ્પિક માન્ય અને ભારત સરકારે અગ્રાતાકમ રમત તરીકે જાહેર કરેલી રાઈફલ, પિસ્તોલ શુટિંગ (નિશાનેબાજી) રમતનાં રાજયકક્ષાનાં સરકાર માન્ય મહામંડળ ગુજરાત રાજય રાઈફલ એસોસિએશન દ્વારા આયોજિત અને વેપન ટ્રેનિંગ સ્કૂલ દ્વારા સંચાલિત શુટિંગ રમતનાં વિકાસ માટે શિક્ષક/ઈન્સ્ટ્રકટર/કોચ/ટ્રેનર, શુટિંગ ટ્રેનિંગ કલાસ ઓર્ગેનાઈઝર કન્ડકટર, ટેકનિકલ ઓફિશીયલ્સ, કલાસિફિકેશન ટેસ્ટની રાજયકક્ષાની તાલીમ શિબિર તારીખ ૭ થી ૧૬ મે ૨૦૧૨ સવારનાં ૯.૩૦ થી સાંજના ૬ કલાક દરમિયાન સંસ્થાની કચેરી, ધી અમદાવાદ મિલિટરી એન્ડ રાઈફલ ટ્રેનિંગ એસોસિએશન મિલિટરી એજયુકેશન કેમ્પસ, ખાનપુર, ગાંધીબ્રિજ પાસે, અમદાવાદ પીન-૩૮૦૦૦૧ ટે.નં. ૨૫૬૦૧૮૦૯/૨૫૬૦૧૯૯૨/ ૨૫૬૦૦૯૫૭ ખાતેની રાષ્ટ્રીય કક્ષાની શુટિંગ રેન્જ ઉપર રાખી છે. જે કોઈ ૧૮ વર્ષથી મોટા, ધોરણ ૧૦ પાસ ભારતીય નાગરિક, કોઈ પણ રમતનાં રમતવીર, શિક્ષક વગેરે જોડાવા માંગતા હોય તેઓએ ૨૫ એપ્રિલ ૨૦૧૨ સુધીમાં અરજી અને પોતાનો બાયોડેટા, ફોટા સાથે મોકલી આપવો. પાત્રતા મુજબ પસંદગી કરી વહેલા તે પહેલાને તક આપવામાં આવશે. મર્યાદિત સંખ્યા હોવાથી તાકીદે સંસ્થાની કચેરીને જાણ કરવી તાલીમ લેનારને પાત્રતા મુજબ માન્ય કોચ, અધિકારી ઓર્ગેનાઈઝર બનાવવામાં આવશે તથા આંતરરાષ્ટ્રીય જજ તરીકે તાલીમ અને નિમણૂંક માટે સંસ્થા દ્વારા ભલામણ કરવામાં આવશે. વધુ માહિતી, માહિતીપત્રિકા માટે ટેલિફોનથી કે આપની શાળા, કોલેજ, સંસ્થામાં રાઈફલ શુટિંગ શરૂ કરવા માટે સંસ્થાના માનદમહામંત્રી એન્જિનિયર નરેન્દ્ર ઓઝા (ભટ્ટ) નો પત્ર દ્વારા કચેરી ઉપર સંપર્ક કરવો.

આજે રાવળ યોગી સમાજનો ગૌરવ એવોર્ડ-૨૦૧૨ અર્પણ સમારોહ યોજાશે

ગાંધીનગર, તા. ૨૦

ગુજરાત રાજય રાવળ-યોગી સમાજ વિકાસ મંચના ઉપક્રમે ગાંધીનગરના સેકટર-૧૭માં આવેલા ટાઉનહોલ ખાતે આજે સવારે ૯ કલાકે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીના શુભહસ્તે રાવળ યોગી સમાજના વિશિષ્ટ મહાનુભાવોને ગૌરવ એવોર્ડ-૨૦૧૨ અર્પણ કરવામાં આવશે. તથા રાજેન્દ્ર રાવળ લિખિત 'આપણો રાવળ સમાજ' પુસ્તકનો વિમોચન સમારોહ યોજાશે.

રાવળ-યોગી સમાજના સન્માન સમારંભમાં મુખ્ય મહેમાન તરીકે મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદી અતિથિ વિશેષ તરીકે રાષ્ટ્રીય ઉપાધ્યક્ષ પુરુષોત્તમભાઈ રૂપાલા, પ્રદેશ મહામંત્રી શંકરભાઈ ચૌધરી, ગુજરાત હાઉસિંગ બોર્ડના અધ્યક્ષ જયંતિભાઈ બારોટ, ગુજરાત ઠાકોર અને કોળી વિકાસ નિગમના અધ્યક્ષ પૂંજાજી ઠાકોર, ગુજરાત પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના પ્રમુખ ભગવાનદાસ પંચાલ અને ગુજરાત પ્રદેશ ભાજપ બક્ષીપંચ મોરચાના ઉપપ્રમુખ રાજેન્દ્ર રાવળ ખાસ હાજર રહેશે અને ડૉ. ભગુભાઈ રાવત, ડાહ્યાભાઈ રાવળ, દેવીદાસભાઈ રાવળ, રામદાસ યોગી, અશ્વિનકુમાર રાવળ, લક્ષ્મણભાઈ રાવળ, રાજેન્દ્ર રાવળ, લક્ષ્મણભાઈ રાવળ, ડૉ.લક્ષ્મીબેન વાણિયા અને ભરતભાઈ મુંગારિયાનું વિશિષ્ટ ક્ષેત્રે અનોખા પ્રદાન સંદર્ભે સન્માન કરશે એમ આયોજકો દ્વારા જણાવાયું છે.

મકાન કે ઔદ્યોગિક વિસ્તારમાં મકાન, એકમો ભાડે આપતાં માલિકો માટે જાહેરનામું

ગાંધીનગર, તા. ૨૦

ગુપ્તચર સંસ્થાઓના અહેવાલો અને મોટા શહેરોમાં બનેલ અમુક બનાવોથી જણાય છે, કે ત્રાસવાદી/ અસામાજીક તત્વો ગાંધીનગર જિલ્લાના રહેણાંક વિસ્તારોમાં ગુપ્ત આશરો મેળવી જાહેર સલામતી અને શાંતિનો ભંગ કરે તેમજ માનવ જિંદગીની ખુવારી થાય અને લોકોની સંપત્તિને નુકશાન પહોંચે તેવી કોશીશ કરી રહયા છે.

બહારના રાજયોમાંથી અગર દેશ બહારથી આવતા આવા તત્વો કોઈના મકાન ભાડે રાખીને રહેતા હોય છે. અને જગ્યા વગેરેનો સર્વે કરી સ્થાનિક પરિસ્થિતિથી માહિતગાર થઈને તેઓની ત્રાસવાદી -વૃતિઓને અંજામ આપતાં હોય છે. જેથી ભાડેથી મકાન આપતા મકાન માલિકો ઉપર થોડાક નિયંત્રણો મુકવાના હેતુંથી અધિક જિલ્લા મેજીસ્ટ્રેટશ્રી, ગાંધીનગર દ્વારા જાહેરનામું -સિધ્ધ કરીને મકાન માલીકો માટે ખાસ સૂચના જારી કરવામાં આવી છે.

સમગ્ર ગાંધીનગર જિલ્લાના વિસ્તારમાં કોઈ મકાન માલિક અગર તો આ માટે આવા મકાન માલિકે ખાસ સત્તા આપેલ વ્યક્તિ જયારે મકાન ભાડે આપે ,ઔધોગિક વિસ્તારોમાં મકાનો, એકમો ભાડે આપે ત્યારે સંબંધિત પોલીસ સ્ટેશને જાણ કર્યા સિવાય કોઈ વ્યકિતને મકાન કે ઔદ્યોગિક વિસ્તારમાં મકાન, એકમો ભાડે આપી શકશે નહિ. ભાડે આપેલ મકાન, કે ઔદ્યોગિક વિસ્તારમાં મકાન, એકમો ની વિગત ભાડુઆત અને સંબંધિત દલાલ કે જેઓએ ભાડુઆતની ઓળખાણ આપેલ હોય, તે અંગેની જરૂરી માહિતી નિયત કોલમમાં ભરીને જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. જે મુજબ (૧) મકાન માલિકનું નામ તથા ભાડે આપેલ મકાનની વિગત - કયા વિસ્તારમાં કેટલા બાંધકામ (૨) મકાન ભાડે આપવા સત્તા ધરાવતા વ્યકિતનું નામ અને સરનામું (૩) મકાન કયારે ભાડે આપેલ છે, ભાડાની વિગત સાથે કેટલા સમય માટે (૪) કઈ વ્યકિતઓને ભાડે આપેલ છે,તેમાં રહેનારા વ્યકિતના પાકા નામ અને સરનામા સાથે (૫) સ્થાનિક રીતે ભાડુઆતની ઓળખાણ આપનારનું નામ, સરનામુ (૬) મકાન માલિકને ભાડુઆતનો સંપર્ક કરાવનાર વ્યકિતનું નામ- સરનામું વગેરે વિગત જે તે વિસ્તારના પોલીસ સ્ટેશન ખાતે આપવાની રહેશે. આ હુકમ તા. ૦૬/૦૪/૨૦૧૨ થી તા. ૦૪/૦૬/૨૦૧૨ સુધી બન્ને દિવસો સહિત દિવસ ૬૦ માટે અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર ઠરશે.

સ્વચ્છતાનો સંદેશ આપનારા રાષ્ટ્રપિતા ગાંધીજીના નામથી રચાયેલા ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ગંદકીના ઢગલાઓ અંગે કોર્પોરેશનની સામાન્ય સભામાં તસવીરો દર્શાવાઈ હતી. પરંતુ આ નક્કર હકીકત છે કે ગાંધીનગરમાં હવે સફાઈના નામે કામગીરી થતી જ નથી. (તસવીર : દિપક જાની)

આત્મન્ અભિવ્યક્તિ બાળ શિબિરમાં ભાગ લેવા જોગ

બાળકોને જ્ઞાન સાથે ગમ્મતથી, મનગમતી પ્રવૃત્તિઓની શિબિર - આત્મન્ અભિવ્યક્તિ બાળશિબિર સતત ૧૬ મા વર્ષે, આ વખતે તા. ૨૨, ૨૩, ૨૪ એપ્રિલ-૨૦૧૨ (રવિ, સોમ, મંગળવાર) ના રોજ યોજાનારા છે. શિબિરનો સમય સવારનાં ૯.૩૦ થી સાંજના ૬.૧૫ રહેશે. શિબિરમાં બ્રિધિંગ એક્સર સાઈઝ, બાળવાર્તા, બાળગીત-અભિનય ગીત, મેમરી ગેઈમ, વિજ્ઞાનના પ્રયોગો, ચિત્રકામ-ક્રાફટ, નાટક, નૃત્ય, માટીકામ, કલેવર્કવગેરે પ્રવૃત્તિઓ કરાવાશે. ફૉર્મ ભરવાની છેલ્લી તા. ૨૧/૪/૨૦૧૨ છે.

(૧) સુધાબેન શુક્લ, સે-૭, મો. ૯૮૭૯૨૭૯૫૨૯, (૨) તુષાર દવે, સે-૩ (એ) ન્યુ, મો. ૯૨૭૫૧ ૫૩૮૦૪ (૩) દર્શનાબેન વ્યાસ, સે-૨૧, ફોન નં. ૨૩૨૨૫૭૯૮, (૪) રજનીકાંત વૈષ્ણવ, સે-૫(એ), ફોન નં. ૨૩૨૨૯૯૩૮, (૫) વિક્રમ જાની, સે-૪(બી), મો. ૯૭૨૭૭૨૦૬૮૬ (૬) જયશ્રી ખેતિયા, સે-૨૭, મો. ૯૩૭૪૮૦૫૯૪૮, (૭) સી.એલ. મહેતા, સે-૨૯, ફોન નં. ૨૩૨૨૭૯૮૬.

વત્સલ પિતા સમાન ગુરૂની એક અનોખી વાત

સંબંધ સજાવે જિંદગી

બલિહારી ગુરુ આપની

- સ્વાતિ રાઓલ

gsrelation@yahoo.com

થોરાત હેમ હેલ્થ સેન્ટરમાં પગથિયાં ચડતાં જ સામે મા તુળજા ભવાની પાસેથી ભવાની તલવાર મેળવતાં શિવાજીનું મોટું ચિત્ર ઉદ્ઘાટિત થાય છે અને સમજાય છે કે, આ સેન્ટરના પ્રશિક્ષણ દેશના યુવાધનને કઈ દિશામાં લઈ જવા માગે છે. યોગ ગુરૂ ,કોચ શ્રી હેમચંદ્ર થોરાટ જેઓએ સુદૃઢ શરીર અને રમત -શિક્ષણના પાઠ સાત વર્ષની વયમાં જ અખાડામાં જવાથી શરૂ કર્યા. પિતા શંકરરાવ થોરાત ૧૯૩૬ની બર્લિન ઓલિમ્પિકમાં મેજર ધ્યાનચંદની સાથે રેસલીંગની સ્પર્ધામાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું હતું. રમત- ગમતના શોખનો આ પાયો હતો. બરોડામાં અખાડાની તાલીમ દરમ્યાન નારાયણગુરૂના પારસમણિ સ્પર્શને યાદ કરતાં શ્રી હેમચંદ્રજી જણાવે છે કે પહેલો અખાડો પણ બરોડાના સ્લમ એરિયામાં જ ચાલુ કર્યો. પૈસાદારના બાળકો મોંઘા કોચને રોકીને તાલીમ મેળવી શકે પણ પથ્થરમાંથી રત્ન પેદા કરે તે સાચો ગુરૂ. અને એટલે જ બરોડાના સ્લમ એરિયાના બાળકોને રમતનું પ્રશિક્ષણ આપનાર આ અનોખા ગુરૂ સાંબરકાંઠાની પથ્થરોમાં ચિત્તા વેગે દોડનાર રીટા કલાસવાને યાદ કરે છે. જેને તેમણે નેશનલ ગેમ્સના મુલાયમ ટ્રેક પર દોડવાની પ્રેરણા આપી. માંડવીની લક્ષ્મીને નેશનલમાં લીફટ કરી આપી અને કંઈક એવું ઘડતર, સંવર્ધન અને રક્ષણ આપ્યું કે સાંઈમાં તેની સામે કોઈ ઉભું ન રહી શકે. પિતાની ભવ્ય પરંપરાને આગળ ધપાવતાં,મોરના ઈંડા ચિતરવા ન પડે એ ન્યાયે આ મહાન ગુરૂ ઈન્ડીયાની વોલીબોલ ટીમમાં રમ્યાં, કુસ્તીમાં પણ નેશનલ પ્લેયર અને પાછળથી કોચ બન્યાં. એન.ડી.એસ.ની ૪૫ રૂપિયાના પગાર વાળી નોકરી મેળવી. રાજસ્થાનના

(તસવીર : કમલેશ શાહ)

અલવરથી રમત- શિક્ષણના વહીવટી કાર્યમાં જોડાયા. ગુજરાતના ડીસ્ટ્રીકટ સ્પોર્ટસ ઓફિસરની પ્રથમ બેચમાં મેરીટમાં ત્રીજુ સ્થાન મેળવ્યું.

ગુજરાતમાં તેમની કારકિર્દીની શરૂઆત કચ્છથી કરી જેને તેઓ અપ્રતીમ અને ગુજરાતનું કાશ્મીર માને છે. ગાંધીનગરની સેકટર-૧૬ની માધ્યમિક શાળા જે ગાંધીનગરની એ વખતે એકમાત્ર માધ્યમિક સ્કૂલ હતી. તેમાં આવતાં રો- મર્ટીરીયલને પાસાદાર હીરામાં પરિવર્તીત કર્યા. તેવા વર્ષ બે વર્ષે કે યાકુબનેલી જેવા ઘણાં શિષ્યોને તેઓ યાદ કરે છે.

કડવું સત્ય મોઢે કહી દેનારાં આ સરળ- હૃદયી, નિખાલસ અને સ્પષ્ટ વકતા ગુરૂની નિકટ જાઓ તો સમજાય કે તેમનું હૃદય એક પુત્રી વત્સલ પિતાની મમતાથી તરબતર છે. તેમને જોઈ એક હાથે ટીપતો અને એક હાથે પંપાળતો માટલાનો ઘડવૈયો યાદ આવે. કડક શિસ્તના આગ્રહી થોરાત સાહેબ ખરાબ અક્ષરને કારણે પુત્ર નયનભાઈ થોરાતની (ડી.એસ.ઓ. હાલ જૂનાગઢ) જ નોટ ચાલુ વર્ગમાં ફેંકી દીધી હતી તે યાદ કરતાં હસે છે અને પોતાના પુત્રોના સંસ્કાર અને આજ્ઞાંકીતતા માટે તેઓના બે પુત્રો નયનભાઈ થોરાત અને વિશાલભાઈ થોરાત તો પિતાના રમત-શિક્ષણના વારસાના વાહક બન્યા છે. સાથે સાહેબનાં સંગીત અને સાહિત્યના શોખ અને સૂઝને તેમના ત્રીજા પુત્ર સંજયભાઈ થોરાત આગળ ધપાવી રહ્યા છે.

થોરાત હેમ હેલ્થ સેન્ટરની પ્રથમ મુલાકાતમાં જ સમજાઈ જાય કે શ્રી હેમચંદ્ર થોરાત સાહેબને કસરત કરતાં- રમતાં- ગાંતા યુવકો જ ગમે છે. ગુટકા કે શરાબના રવાડે ચડેલાઓને તેઓ દૂરથી નમસ્કાર કરે છે. મુંગલ-એ-આઝમના ગીતોથી માંડીને કોલાવરીડી સુધીના કર્ણ પ્રિય ગીતોને પ્રેમથી ગણગણતાં આ ગુરૂને એકવાર મળવા જેવું ખરું હો...!

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૦૬.૨૭

સૂર્યાસ્ત : ૦૭.૦૧

તાપમાન

મહત્તમ : ૩૦.૦ ડિ.સે.

લઘુત્તમ : ૨૬.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૭૯ ટકા ● સાંજે ૪૯ ટકા

મનોરંજન

હિંદી પડદા

સ્ક્રીન-૧ : હાઉસ ફૂલ ૨ : ૧૨.૩૦,૩.૩૦,૬.૪૫,૯.૩૦

સ્ક્રીન-૨ : હાઉસ ફૂલ ૨ : ૨.૩૦

વીકી ડોનર : ૧૦.૦૦, ૧૨.૧૫, ૮.૦૦, ૧૦.૩૦

હેટ સ્ટોરી : ૫.૩૦

સ્ક્રીન-૩ : બેટલશીપ (હિન્દી) : ૧૧.૦૦, ૭.૧૫

હાઉસ ફૂલ ૨ : ૧.૧૫, ૪.૧૫, ૯.૩૦

સ્ક્રીન-૪ : વીકી ડોનર : ૩.૦૦, ૫.૩૦

હેટ સ્ટોરી : ૧૦.૦૦, ૧૨.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

સિને મેક્સ

સ્ક્રીન-૧ : ટાઈટેનીક ૩-ડી(હિન્દી) :૧૦.૪૫, ૨.૧૫, ૬.૦૦, ૯.૩૦

સ્ક્રીન-૨ : હાઉસ ફૂલ ૨ : ૯.૩૦, ૧૨.૩૦, ૩.૩૦, ૬.૪૫, ૧૦.૦૦

સ્ક્રીન-૩ : હેટ સ્ટોરી : ૧૦.૩૦, ૧.૧૫, ૪.૦૦, ૬.૪૫, ૯.૪૫

સ્ક્રીન-૪ : વીકી ડોનર : ૧૦.૦૦, ૧૨.૩૦, ૩.૦૦, ૫.૩૦, ૮.૦૦, ૧૦.૩૦

સૂર્યા, વાવોલ

હેટ સ્ટોરી : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫

પ્રીતના સૌગંધ : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

ટાઉન હોલ

- આંજણા ચૌધરી સેવા મંડળ દ્વારા સામાજિક કાર્યક્રમ રાત્રે ૯.૦૦ કલાકે

ધાર્મિક

- સેકટર- ૧૩ ખાતે આવેલ ગુરૂકૃપા હોસ્ટેલમાં સાંજે ૫.૩૦ કલાકે સંજયભારતી ગોસ્વામીના વ્યાસપીઠેથી સુંદરકાંડ પાઠનું આયોજન.

આપની આજ

- શિશોર ત્રિવેદી

મેષ : જમીન- મકાનની ખરીદી થઈ શકે છે. નવા વિચાર અને યોજનાઓ પર ચર્ચા થઈ શકે છે. સમાજ અને રાજકારણમાં ખ્યાતિમાં અભિવૃદ્ધિ થઈ શકે છે.

વૃષભ : માનસિક સંયમનું પાલન કરવું. વેપાર અર્થે થયેલો પ્રવાસ લાભદાયી બની રહે. કલાત્મક કાર્યોમાં લાભ પ્રાપ્તિ થઈ શકે છે. આવક કરતાં ખર્ચના વધે તેની કાળજી રાખવી.

મિથુન : વાહન ખરીદી થઈ શકે છે. પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થઈ શકે છે. સંબંધો પ્રત્યે સાવધાની રાખવી જરૂરી રહેશે. નોકરીમાં ઉપરી અધિકારીઓ સાથે વાદવિવાદમાં ઉતરવું નહિ.

કર્ક : કાર્યમાં સમયને મહત્વ ન આપવાને કારણે માનસિક કલેશ પેદા થઈ શકે છે. મતભેદોથી દૂર રહી શાંતિપૂર્ણ રીતે કાર્ય કરવું.

સિંહ : સંતોષપ્રદ વાતાવરણ રહેશે. કાર્ય સ્થિતિઓ અનુકૂળ રહેવાની સંભવના છે. વિચારેલું કાર્ય સમય પર થઈ શકે છે. વડીલો અને મિત્રોનો સાથ સહકાર મળી રહે.

કન્યા : પદ-પ્રતિષ્ઠા સંબંધી કાર્યોમાં લોકપ્રિયતામાં વૃદ્ધિ થઈ શકે છે. ધાર્મિક ક્ષેત્રમાં ભાગ્યવર્ધક યાત્રાઓનો વિશેષ યોગ. કલાત્મક કાર્ય થશે.

તુલા : આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન વગેરેનો યોગ. કુટુંબમાં માંગલિક કાર્ય થઈ શકે છે. રોગ. શત્રુ વિવાદ વગેરેમાં ખર્ચનો યોગ.

વૃશ્ચિક : માનસિક ત્રાસદીથી બચવું. આવકના સ્રોતોથી વિશેષ લાભનો યોગ. ધાર્મિક યાત્રાનો યોગ. જળ વિભાગોથી ભાગ્યવર્ધક સફળતા મળી શકે છે.

ધન : તમારી મિલનસારિતા અને ધૈર્ય તમને સમાજ અને પરિવારમાં આદરમાન અપાવશે. સામાજિક માન- સન્માન વધશે. વ્યવસાયિક લાભ અને સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે.

મકર : પ્રગતિ વર્ધક સમાચાર મળી શકે છે. સંતાનની ઉન્નતિ પ્રસન્નતા અપાવી શકે છે. પૂર્વમાં કરવામાં આવેલ કાર્યોનું ફળ મળી શકે છે. સંબંધો સુધરશે.

કુંભ : અધૂરા કાર્ય પૂર્ણ થવાથી ઉત્સાહ અને પ્રસન્નતામાં વધારો થઈ શકે છે. મિત્રોના સહયોગથી અનુકૂળતા વધશે અને દિવસ પ્રસન્નતાથી પસાર થશે.

મીન : કાર્ય યોજના પર અમલ કરવું જરૂરી છે. કુટુંબમાં વડીલોનું માર્ગદર્શન મળી રહે. રાજય પક્ષના કાર્યો માટે દિવસ ઉત્તમ રહેવાની સંભાવના છે.

ચિરવિદાય

- સ્વ. કમલાકર ભાસ્કરશાને (ઉ.વ.૭૫) પ્લોટ નં.૪૯૬, ગાયત્રીનગર, સેકટર-૨૭, ગાંધીનગર.
- સ્વ. રંભાબેન બાઘુભાઈ સોલંકી (ઉ.વ.૭૦) ઈન્દિરાનગર, સેકટર-૨૪, ગાંધીનગર.
- સ્વ. ચંપાબેન રામજીભાઈ વાઘેલા (ઉ.વ.૭૫) મુ.પો. ધરમપુર ભુલીયા, તા.,જિ. ગાંધીનગર.

વિશ્વનૃત્ય દિનની અમદાવાદમાં ૨૯મીએ ઉજવણી

ગાંધીનગર, તા. ૨૦

રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગની સંગીત- નાટક અકાદમી ગાંધીનગરના ઉપક્રમે ''વિશ્વ નૃત્યદિન''ના ઉજવણી પ્રસંગે તા. ૨૯મી એપ્રિલના રાત્રે ૯.૦૦ કલાકે એચ.કે. કોલેજ હોલ, આશ્રમ રોડ, અમદાવાદ ખાતે શાસ્ત્રીય નૃત્ય મહોત્સવ યોજવામાં આવ્યો છે. ગૌરવ પુરસ્કૃત કલાકારો સર્વશ્રી શ્રીમતી ખમ્મા પરાગ શાહ અને વૃંદ દ્વારા ભારત નાટયમ ડૉ. નીમા ઠક્કર અને વૃંદ દ્વારા કથ્થક નૃત્ય શ્રી અક્ષય પટેલ દ્વારા ભારત નાટયમ અને સુશ્રી વૈશાલી ત્રિવેદી દ્વારા કથક નૃત્ય થશે. ડૉ. પ્રદિપ આઝાદ સચિવશ્રી ગુજરાત રાજય સંગીત નાટક અકાદમી તરફથી રસ ધરાવતાઓએ આ પ્રસંગ માણવા જણાવેલ છે.